# આપણું યુજીવીસીએલ

અંક-૧૧, જુલાઈ ૨૦૧૧




## વિવિધ પ્રવૃત્તિઓનો ઝીલીએ ધબકાર



વર્ષ–૧ અંક–૧૧, જુલાઈ ૨૦૧૧
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એ. કે. વર્મા, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી પી. જે. પટેલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી ડી. એમ. તિવારી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક
શ્રી ડી. સી. પરમાર, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એસ. આર. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રીમતિ છાયાબેન દેસાઈ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી ડી. એસ. પટેલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
હિમાંશુ કીકાણી, www.aalekhan.com

# આ અંકમાં

પહેલ ........ ૦૪
ટ્રાન્સફોર્મર ફેઇલ્યોર રેટ તેમજ રીપેરિંગ ખર્ચ ઘટાડવા અંગેના મહત્ત્વના સૂચનો ........ ૦૪
પ્રવર્તમાન વરસાદની સીઝનમાં ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા વીજ પુરવઠાના પુનઃ સ્થાપન માટે ૨૪ કલાક કાર્યરત કન્ટ્રોલ રૂમ ... ૦૬
ગૌરવ ........ ૦૭
યુજીવીસીએલ પરિવારનું ગૌરવ ........ ૦૭
રમત-ગમત ........ ૦૮
ઇન્ટર સર્કલ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં સતત છઠ્ઠીવાર ચેમ્પિયન બનતા શ્રી કમલ સિંધી, નાયબ ઇજનેર ........ ૦૮
ઈન્ટર કંપની બ્રિજ ટૂર્નામેન્ટ જુનાગઢ ખાતે યોજાઇ જીસેકની ટીમ ચેમ્પિયન જ્યારે જેટકોની ટીમ રનર્સઅપ ........ ૦૯
ઈન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટ ........ ૧૦
સંક્ષિપ્ત સમાચાર ........ ૧૨
ગુજરાત રાજ્યના હિતમાં મુખ્યમંત્રીનો આદેશ ........ ૧૨
ICWAI અમદાવાદ દ્વારા મેનેજીંગ કમિટીમાં વાઈસ ચેરમેન તરીકે નિયુક્ત થતા શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઈનાન્સ) ........ ૧૨
લોક અદાલત દ્વારા એક જ દિવસમાં રૂ.૫૧.૩૧ લાખની રોકડ મહેસૂલી વસુલાત ........ ૧૨
પ્રોજેક્ટ માટે સૂચનો મંગાવતી કેન્દ્ર સરકાર ........ ૧૨
યુજીવીસીએલના કર્મચારીઓ પર હુમલો કરનાર ઝડપાયો ........ ૧૩
ટ્રાન્સફોર્મર તોડી ચોરી કરનાર ઝડપાયો ........ ૧૩
કલોલ વિભાગીય કચેરી દ્વારા રક્તદાન શિબિરનું આયોજન ........ ૧૩
ક્રોસ બોર્ડર ઇલેક્ટ્રિસિટી ટ્રેડિંગ ........ ૧૪
વીજ કંપનીના કર્મચારીઓને તબીબી સારવાર માટે કેશલેસ સુવિધા ........ ૧૪
હવેથી સ્વર્ણિમ ગુજરાત લોગોનો ઉપયોગ કરવાનો રહેશે નહીં ........ ૧૫
યુજીવીસીએલના નિવૃત્ત કર્મચારીઓને શુભકામનાઓ ........ ૧૫
પાવર પ્રેરણા........ ૧૬
પોઝિટીવ એટિટ્યૂડ રાખો અન્યને પ્રેરણા આપો ........ ૧૬
કાવ્યધારા........ ૧૭
શૈશવની યાદે ........ ૧૭
સર, આ આપણું યુજીવીસીએલ છે ........ ૧૭
પાવર ક્વિઝ ........ ૧૮



**આ મહિને, એક સાથે મોટી સંખ્યામાં કર્મચારીઓ નિવૃત્ત થયા છે. આપણને આ અત્યંત અનુભવી અને નિષ્ઠાવાન લોકોની ખોટ ચોક્કસ સાલશે, તેમને સૌને હું સ્વાસ્થ્ય સંપન્ન અને સંતોષમય નિવૃત્ત જીવનની હાર્દિક શુભેચ્છા પાઠવું છું.**

પ્રિય મિત્રો,

ન્યૂઝલેટરના આ માધ્યમથી ફરી એક વાર આપ સૌ સાથે સીધો સંવાદ સાધતાં હું અત્યંત આનંદ અનુભવું છું.


આ વર્ષે ફરી ચોમાસું ખેંચાયું છે. આપણે સૌ ગરમીથી પરેશાન છીએ, પણ ખેડૂતો માટે આ બહુ વિકટ પ્રશ્ન બની રહ્યો છે. વરસાદ મોડો થાય એટલે વાવેતર મોડું થાય અથવા તો થોડા વરસાદથી આશા બંધાતાં વાવેતર કરી નાખ્યું હોય તો એ નિષ્ફળ પણ જાય.

આ સ્થિતિમાં, ખેડૂતો માટે વીજળીનો વિશ્વસનીય પુરવઠો બહુ મહત્ત્વનો બની જાય છે. આ મુદ્દે સરકાર પણ અત્યંત સંવેદનશીલ છે અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ, જ્યાં સુધી બીજી સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી ગ્રામ્ય વિસ્તારોમાં ખેતી માટે વધુ બે કલાક વીજળી પૂરી પાડવાનો નિર્ણય કર્યો છે. આપણે સૌ પણ, ખેડૂતોને પડતી મુશ્કેલી તરફ સંવેદના કેળવીને, વીજ પુરવઠાની નિયમિતતા જાળવીને તેઓની તકલીફ શક્ય એટલી ઓછી કરવા પ્રયત્નશીલ બનીએ.

બીજી તરફ, વધુ વરસાદના સંજોગોમાં કુદરતી આફત જેવી સ્થિતિ સર્જાય તો તેને પહોંચી વળવા માટે આપણે ૨૪ કલાક કાર્યરત કંટ્રોલરૂમ શરૂ કર્યો છે. આપણે આપણી ફરજ પૂરી સભાનતાથી બજાવીએ અને આફતના સંજોગોમાં પણ વીજપૂરવઠો યથાવત જાળવી રાખવા પ્રયત્નશીલ રહીએ તે જરૂરી છે.

આ મહિને, એક સાથે મોટી સંખ્યામાં કર્મચારીઓ નિવૃત્ત થયા છે. આપણને આ અત્યંત અનુભવી અને નિષ્ઠાવાન લોકોની ખોટ ચોક્કસ સાલશે, તેમને સૌને હું સ્વાસ્થ્ય સંપન્ન અને સંતોષમય નિવૃત્ત જીવનની હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

પરીક્ષાઓનાં પરિણામોમાં આ વખતે યુજીવીસીએલ પરિવારનાં અનેક બાળકો ઝળકી ઊઠ્યાં છે, તેમને પણ હું હાર્દિક અભિનંદન સાથે તેજસ્વી ભાવિની શુભેચ્છાઓ આપું છું.



±. À. äÜë આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# ટ્રાન્સફોર્મર ફેઈલ્યોર રેટ તેમ જ રીપેરિંગ ખર્ચ ઘટાડવા અંગે મહત્ત્વનાં સૂચનો

ઉત્તર ગુજરાત વીજ કંપનીની સ્થાપના થયા બાદ દરેક ક્ષેત્રમાં જેવા કે, વીજ બચત, વીજસુરક્ષા, ટીએન્ડડી લોસમાં નોંધપાત્ર ઘટાડો વગેરેમાં મહત્વની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ વખતોવખત પોતાના ઉદ્‌બોધનમાં જણાવેલ છે કે કંપનીની પ્રગતિમાં નાનામાં નાના કર્મચારીઓથી માંડી મોટા અધિકારીઓનો ફાળો છે. તાજેતરમાં પ્રકાશમાં આવેલ હકીકત મુજબ ૭ ટકાથી ઓછો ટીએન્ડડી લોસ થવાને લીધે આપણી કંપનીએ ભારતભરની વીજ વિતરણ કંપનીઓમાં અગ્રિમ હરોળનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે, જે સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ટ્રાન્સફોર્મર ફેઈલ્યોર ઘટાડવા તેમ જ રીપેરીંગનો ખર્ચ કઇ રીતે ઘટાડી શકાય તે માટે મહત્ત્વનાં સૂચનો મંગાવી વિજેતાઓને પ્રોત્સાહન આપી સન્માન પત્ર તેમ જ રોકડ પુરસ્કારથી નવાજવામાં આવેલ છે. ઉત્તર ગુજરાત વીજ કંપનીના શ્રી જી. ઓ. જોશી, જેઓ દાંતીવાડા સબડિવિઝન ખાતે લાઇનમેન તરીકે ફરજ બજાવે છે, તેમણે પોતાના અનુભવોને આધારે કરેલ સૂચનો જે તેમણે જીયુવીએનએલને મોકલ્યા હતા તે તમામ કર્મચારીઓની જાણ માટે અહીં પ્રસ્તુત છે :

**ટ્રાન્ફોરમર ફેઈલ્યોર રેટ તેમ જ રીપેરિંગ ખર્ચ ઘટાડવા માટે શ્રી જી. ઓ.જોશી, લાઇનમેન દ્વારા રજૂ થયેલ મહત્વનાં સૂચનો અન્ય કર્મચારીઓ માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડે છે**

## ટ્રાન્સફોર્મર ફેઈલ્યોર રેટ કઈ રીતે ઘટાડી શકાય

૧. ટ્રાન્સફોર્મરની બોડીની ડિઝાઈનમાં ફેરફાર કરીને એચટી બુશિંગની માફક એલટી બુશિંગ ફીટ કરવા માટે ટ્રાન્સફોર્મરની બોડીના ઉપરના ભાગે જે ડાયરેક્ટ હોલમાં ફીટ કરવામાં આવે છે તેની જગ્યાએ ઉપરોક્ત હોલ ઉપર એક ઈંચની લોખંડની રિંગ લગાવી એલટી બુશિંગ લગાવવાથી ટ્રાન્સફોર્મરની અંદર ચોમાસામાં પાણી જતું અટકાવી શકાય અને તેનાથી ટ્રાન્સફોર્મર વારંવાર બળતું રોકી શકાય.

૨. ટ્રાન્સફોર્મરના એચટી તેમ જ એલટી બુશિંગનાં પેકિંગ જે હાલમાં વપરાય છે તે તડકાની ગરમીમાં પેકિંગમાં તિરાડ પડી જાય છે, અને હાથ લગાવતાં ઉપરોક્ત પેકિંગ તૂટી જાય છે, જેથી સારી ક્વોલિટીના પેકિંગ વાપરવાથી ચોમાસામાં ટ્રાન્સફોર્મરની અંદર પાણી જાય નહીં અને ટ્રાન્સફોર્મર બળવાની સંખ્યા ઘટાડી શકાય.

૩. ટ્રાન્સફોર્મરના બોડી સાથે ટ્રાન્સફોર્મરના ટોપના ભાગનું ફિટિંગ કરતી વખતે જે પેકિંગ વપરાય છે તેના નટ બોલ્ટ ઢીલા રહેવાથી પેકિંગમાંથી ઓઈલ લીકેજ થાય છે, અને ઓઈલ નીકળી ગયા બાદ ચોમાસામાં પાણી અંદર જવાની શક્યતા રહે છે. જેથી ટ્રાન્સફોર્મર રીપેરિંગ કંપનીમાંથી ટ્રાન્સફોર્મર તૈયાર થયા બાદ ખાતાકીય મારફતે જે લોડ ટેસ્ટ લેવાય છે ત્યારે ઉપરોક્ત પેકિંગ તેમ જ નટબોલ્ટની પણ ચકાસણી થાય તો ટ્રાન્સફોર્મર બળવાની શક્યતા ઘટી જાય તેમ જ ઓઈલ ઓછું થવાથી કંપનીને પણ નુકસાન થાય નહીં.

૪. ડિવિઝન લેવલે ટી.એમ.એસ. ગેંગ રાખવામાં આવે છે. તેઓની પાસે પૂરતા સ્પેર પાર્ટસ તેમ જ એલટી અને એચટી રોડ અને પેકિંગ સેટ વગેરે રાખવાથી ટ્રાન્સફોર્મરનું મેઈન્ટેનન્સ વ્યવસ્થિત થાય તો ટ્રાન્સફોર્મર બળવાની સંખ્યા ઘટાડી શકાય.

૫. દરેક સબડિવિઝનમાં ટ્રાન્સફોર્મરની યોગ્ય જાળવણી થઈ શકે, અને ટ્રાન્સફોર્મર બળવાની સંખ્યા ઘટાડી શકાય.

૬. ટ્રાન્સફોર્મરની કન્ઝરવેટર ટેન્કમાં બ્રેધર તેમ જ એર વાલ્વ ખાસ રાખવા જેથી ટ્રાન્સફોર્મરમાં શુદ્ધ હવા જઈ શકે અને હવાનું પ્રેશર વધી જવાથી ટ્રાન્સફોર્મરની બોડી ફૂલી જાય છે, અથવા બોડી ફાટી જાય છે, જે બાબતે એર વાલ્વ મૂકવાથી ટ્રાન્સફોર્મરમાં આર્થિક વધારાનું નુકસાન ઘટાડી શકાય.



# ટ્રાન્સફોર્મર રીપેરિંગ અંગેનો ખર્ચ કઈ રીતે ઘટાડી શકાય

૧. ટ્રાન્સફોર્મર રીપેરિંગ માટે શક્ય હોય તો ડીપાર્ટમેન્ટ દ્વારા ડિવિઝન લેવલે ટ્રાન્સફોર્મર રીપેરિંગનું કામ ચાલુ કરવાથી સારી તેમ જ ઉચ્ચ ગુણવત્તાવાળા મટીરિયલ વડે ટ્રાન્સફોર્મર રીપેરિંગ ખર્ચ ઘટાડી શકાય.

૨. ટ્રાન્સફોર્મરના સામાન્ય રીપેરિંગ જેવા કે ટ્રાન્સફોર્મરમાં એલટી સાઈડ સ્ટડમાંથી કનેક્શન છૂટું પડી જવું અથવા બળી જવાના કિસ્સામાં સબ ડિવિઝનમાં અનુભવી કર્મચારી દ્વારા ઉપરોક્ત ખામી દૂર કરવાથી ટ્રાન્સફોર્મરના રીપેરિંગ ખર્ચમાં ઘટાડો કરી શકાય.



૩. ટ્રાન્સફોર્મર મેઈન્ટનન્સ માટે ડિવિઝન લેવલે જે ટીએમએસ ગેંગ રાખવામાં આવે છે તેને યોગ્ય માલ સામાન પૂરો પાડવાથી ઉપરોક્ત ટીએમએસ ગેંગ પણ એલટી અને એચટી બુશિંગને સ્ટડ તેમ જ ઓઈલ ટેપિંગને ઓઈલ લીકેઝ માટે જરૂરી નવા પેકિંગ બદલીને ટ્રાન્સફોર્મર રીપેરિંગ ખર્ચમાં ઘટાડો કરી શકાય.

૪. ડિવિઝન લેવલે ટ્રાન્સફોર્મરના ઓઈલ ફિલ્ટર મશીન અને નવીન ઓઈલનો સ્ટોક રાખવાથી સમયસર ટ્રાન્સફોર્મરમાં ઓઈલ ટેપિંગ અને ખરાબ થયેલ ઓઈલ બદલવાથી ટ્રાન્સફોર્મર રીપેરિંગ ખર્ચમાં ઘટાડો કરી શકાય.

૫. હાલમાં ટીએમએસ ગેંગમાં ટ્રાન્સફોર્મર રીપેરિંગ માટે જે કર્મચારીઓ છે તેમને ટ્રાન્સફોર્મર રીપેરિંગ માટે ખાસ ટ્રેનિંગ આપીને તેઓને કાયમ માટે ફક્ત ટ્રાન્સફોર્મર મેઈન્ટેનન્સ તેમજ રીપેરિંગ કામ આપવું જેથી ટ્રાન્સફોર્મર રીપેરીંગ ખર્ચમાં ઘટાડો કરી શકાય.

૬. હાલમાં ટીએમએસ ગેંગમાં કોઈપણ કર્મચારી વિનંતીથી બદલી માગે છે અને ઓર્ડર કાઢવામાં આવે છે તેની જગ્યાએ સબ ડિવિઝનના જે અનુભવી કર્મચારી કે જેઓ અવારનવાર ટ્રાન્સફોર્મરના રીપેરિંગ કામ અથવા મેઈન્ટેનન્સ કરે છે તેઓની વિનંતીથી બદલી ડિવિઝનના ટીએમએસ ગેંગમાં કરવી અને બિનઅનુભવી તેમજ બિનઉત્સાહી કર્મચારીને ટીએમએસ ગેંગમાં રાખવા નહીં, તેની જગ્યાએ ટ્રાન્સફોર્મર રીપેરિંગ અને મેઈન્ટેનન્સ કામના ઉત્સાહી અને કામનો અનુભવ કરેલ હોઈ તેવા કર્મચારીને ટીએમએસ ગેંગમાં રાખવાથી ટ્રાન્સફોર્મર રીપેરિંગનો ખર્ચ ઘટાડી શકાય.

૭. ટ્રાન્સફોર્મરના રીપેરિંગ કોન્ટ્રાક્ટર એલટી સાઈડના કોઈલ બનાવતી વખતે જૂના વાયર ઉપર નવીન પેપર ઈન્સ્યુલેશન લગાવી કોઈલ તૈયાર કરીને ફરીથી ઉપયોગમાં લે છે અને કામમાં પણ બેદરકારી રાખે છે. તેમ જ ટ્રાન્સફોર્મર રીપેરિંગ કર્યા પછી તેમાં ઓઈલ યોગ્ય ફિલ્ટર થયેલ ન હોય તો પણ ઉપયોગમાં લે છે અને ફિટિંગ કરતી વખતે નટબોલ્ટ તેમજ ફિટિંગના પેકિંગમાં સાંધો રાખીને ફિટિંગ કરે છે અને નટબોલ્ટ પણ વ્યવસ્થિત ફીટ કરતા નથી. જેથી ઓઈલ લીકેજ તેમ જ ઓઈલ ઓછું થવાના અને ટ્રાન્સફોર્મર બળવાના કિસ્સાઓમાં પણ વધારો થાય છે. આ બાબત પર ધ્યાન આપીને ડીપાર્ટમેન્ટ કામગીરીમાં રીપેરિંગ ખર્ચમાં ઘટાડો કરી શકાય.

૭. ખેતીવાડી તેમ જ વિલેજમાં ટ્રાન્સફોર્મરના ડિસ્ટ્રિબ્યુશન બોક્સમાં લોડ પ્રમાણે યોગ્ય કેપેસિટીના ફ્યૂઝ લગાવવાથી એલટી ફોલ્ટ જેવાં કારણોમાં કેબલ અને ટ્રાન્સફોર્મર બળવાની સંખ્યા ઘટાડી શકાય છે.

૮. ટ્રાન્સફોર્મરની જાળવણી માટે તેમ જ એલટી લાઈન મેઈન્ટેનન્સ માટે એસ/ડીમાં ગેંગ અને વિલેજ સ્ટાફની સંખ્યા વધારવાની ખાસ જરૂર છે. જેથી લાઈનોનું અને ટ્રાન્સફોર્મરની મેઈન્ટેનન્સ વધારે થવાથી બળવાની સંખ્યા ઘટાડી શકાય.

૯. એલટી લાઈન મેઈન્ટેનન્સ માટે કોન્ટ્રાક્ટ આપવો જેમાં એલટી લાઈનના વાયર ખેંચવા જૂના ખરાબ થયેલ વાયર બદલવા અને એલટી પોલ સીધા કરવા-લાઈનમાં તૂટી ગયેલ અથવા ઢીલા તાણીયા ટાઈટ કરવા અને ટ્રી કટિંગ કરવાથી ટ્રાન્સફોર્મર બળવાની સંખ્યા ઘટાડી શકાય.

૧૦. ટ્રાન્સફોર્મર સ્ટ્રક્ચર ઉપર હાલમાં જે ડીયોફ્યૂઝ લગાવવામાં આવે છે તે પીન ટાઈપ સીધા ડીયોફ્યૂઝ છે તેમાં ડીયોફ્યૂઝ ચડાવતાં અર્થ ફોલ્ટ થાય છે. તેની જગ્યાએ અગાઉ જૂના ફેરલ ટાઈપ ડીયો ખરીદી કરીને લગાવવાથી ડીયોફ્યૂઝ ચડાવતી વખતે અર્થ ફોલ્ટ થાય નહી અને તેની સંખ્યામાં ઘટાડો થવાથી એચટી લાઈન ઉપર ટ્રિપિંગની સંખ્યા પણ ઘટશે અને અર્થ ફોલ્ટથી બળતા ટ્રાન્સફોર્મરની સંખ્યામાં ઘટાડો થશે.

૧૧. ટ્રાન્સફોર્મર ઉપર ૮૦ ટકાથી વધારે લોડ ન આપવો જેથી ઓવર લોડમાં ટ્રાન્સફોર્મર બળવાની સંખ્યામાં ઘટાડો શકાશે.

૧૨. ખેતીવાડી અથવા વિલેજમાં જ્યારે પણ ટ્રાન્સફોર્મર ઉપર લોડ વધે ત્યારે તાત્કાલિક બીજા ટ્રાન્સફોર્મરની વ્યવસ્થા કરવી. જેથી ટ્રાન્સફોર્મર બળવાની સંખ્યા ઘટાડી શકાય.

૧૩. હાલમાં વપરાતી ૪ કોર કેબલ પ્રથા નાબૂદ કરીને તેની જગ્યાએ ડબલ ઈન્સ્યુલેશનના સિંગલ કોર વાપરવાથી જે હાલમાં કેબલ બળી જવાથી ટ્રાન્સફોર્મર બળે છે તેમાં સિંગલ કોર કેબલ વાપરવાથી ટ્રાન્સફોર્મર બળવાની સંખ્યા ઘટાડી શકાય.

૧૪. ઘણાં ગામોમાં એલટી લાઈન ઉપર ડાયરેક્ટ આકડીઓ નાખીને લોકો વીજચોરી કરે છે ત્યાં એલટીના વાયર ભેગા થવાથી કેબલ અને ટ્રાન્સફોર્મર બળી જાય છે. આ એલટી લાઈન ઉપર શક્ય તેટલા વધારે પ્રમાણમાં ક્વોટેડ વાયર નાખવાથી ટ્રાન્સફોર્મર બળવાની સંખ્યા ઘટાડી શકાય. ■

## પ્રવર્તમાન વરસાદની સીઝનમાં ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા વીજ પુરવઠાના

# પુનઃ સ્થાપન માટે ૨૪ કલાક કાર્યરત કન્ટ્રોલ રૂમ

સમગ્ર ઉત્તર ગુજરાતમાં અગાઉનાં વર્ષોમાં મેઘરાજાના પ્રલયના સૌ સાક્ષી છે. મેઘતાંડવને લીધે ઉત્તર ગુજરાત વીજ કંપનીના કાર્યક્ષેત્રમાં આવતા તમામ જિલ્લાઓમાં ઠેર ઠેર વીજ વિતરણની કામગીરીમાં અંતરાયો ઊભા થયા હતા.આને લીધે ગત વર્ષોના અનુભવને ધ્યાનમાં લઈને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ દર વર્ષની જેમ આ વર્ષે પણ આગોતરું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેના ભાગ રૂપે કંપનીની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે તારીખ ૧-૬-૨૦૧૧ના રોજથી કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ છે. જેમાં દરરોજ પાંચ કર્મચારીઓને ફરજ પર મૂકવામાં આવેલ છે. આ કન્ટ્રોલ રૂમ દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હસ્તકની ચારેય વર્તુળ કંપનીઓ જેવી કે, હિંમતનગર, પાલનપુર, મહેસાણા અને સાબરમતીની તમામ વિભાગીય તથા પેટા વિભાગીય કચેરીની વીજ વિતરણની તેમ જ વીજ વિક્ષેપની કામગીરીનું સતત મોનિટરિંગ કરવામાં આવશે.

**ચોમાસા દરમિયાન ફીડરોમાં પડેલા વીજ વિક્ષેપને દૂર કરવા યુજીવીસીએલના કર્મચારીઓ તાત્કાલિક ધોરણે વીજ વિતરણની કામગીરી હાથ ધરશે અને લોકોની ફરિયાદનું નિવારણ કરશે**

કન્ટ્રોલ રૂમ શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય કંપનીના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિસ્તારોના મૂલ્યવર્ધિત ગ્રાહકોને સતત વીજ પૂરવઠો મળતો રહે અને જ્યાં પણ વીજ વિતરણની કામગીરીમાં વિક્ષેપ આવે ત્યાં ઝડપથી આ કામગીરી પૂર્ણ કરી પુનઃ વીજ વિતરણ શરૂ કરી ગ્રાહકોને અપેક્ષિત ધોરણે વીજ પૂરવઠો પૂરો પાડવાનો પ્રયાસ કરવાનો છે.

કંપનીની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે કાર્યરત કન્ટ્રોલ રૂમમાં કંપની હસ્તકના તમામ ફીડરોમાં જ્યાં પણ અસર થયેલ હોય તેની નોંધ રાખવામાં આવે છે. કુલ કેટલાં ગામોમાં ફીડરોને નુકસાન પહોંચતાં વીજ વિક્ષેપ આવેલ છે તેની નોંધ પણ રાખવામાં આવે છે. જ્યાં હાઇ ટેન્શન પોલ (ઉચ્ચ દબાણયુક્ત થાંભલા) તથા લો ટેન્શન પોલ (હળવા દબાણયુક્ત થાંભલા) કે જ્યાં વીજ વિક્ષેપ છે તેની વિગતોનું સતત મોનિટરિંગ કરવામાં આવે છે.



વધુમાં કન્ટ્રોલ રૂમ દ્વાર થ્રીફેઇઝ વીજ વિક્ષેપ તથા સિંગલ ફેઇઝ વીજ વિક્ષેપ, વોટર વર્ક્સના જોડાણમાં આવેલ વીજ વિક્ષેપ તથા વીજ અકસ્માતની વિગતો પણ સતત મોનિટર કરવામાં આવે છે, અને આ બાબતો અંગે થનાર ખર્ચની આકારણી કરી કુલ આર્થિક નુકસાનની પણ આકારણી કરવામાં આવે છે.

ઉત્તર ગુજરાત વીજ કંપનીના કાર્યક્ષેત્રમાં ચોમાસાની સીઝન દરમિયાન જેટલા ફીડરોમાં વીજ વિક્ષેપની ફરિયાદ મળશે તેની સામે કંપનીના કર્મચારીઓ દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરીને જે તે ફીડરોની તાત્કાલિક મરામત કરી પુનઃવીજ વિતરણની કામગીરી ધબકતી કરી દેવામાં આવશે. કંપનીમાં કર્મચારીઓ દ્વારા સતત ચોવીસ કલાક આ કામગીરી હાથ ધરી તમામ ગામડાઓમાંથી મળેલ વીજ ફરિયાદોનો તાત્કાલિક ઉકેલ કરવામાં આવશે. આ અંગે ભારે દબાણવાળા થાંભલાની ફરિયાદોનું નિવારણ તથા હળવા દબાણવાળા થાંભલાની ફરિયાદોનું તાત્કાલિક નિવારણ કરવામાં આવશે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમની સૂચના અનુસાર અગાઉના વર્ષની જેમ આ વખતે પણ કંપનીના કાર્યક્ષેત્રમાં પણ મદદ કરવાની ભાવનાને ધ્યાનમાં રાખી જરૂરિયાતના જિલ્લાઓમાં ગેંગો રવાના કરવાની પણ આગોતરી તૈયારી રાખવામાં આવશે. આવા સમયે કર્મચારીઓની કામ પ્રત્યેની લગન નિષ્ઠા તથા પ્રતિબદ્ધતા અંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માએ કંપનીના સૌ કર્મચારીઓને પ્રોત્સાહિત કરી આવી પડકારરૂપ કામગીરી સતત ચોમાસાના દિવસોમાં પણ ચાલુ રાખી ગ્રાહકોને સંતોષ આપવા સતત પ્રયત્નશીલ રહેવા અનુરોધ કર્યો છે. ■

# યુજીવીસીએલ પરિવારનું ગૌરવ

## ધોરણ – ૧૨ (H.S.C.)



**ભાવિક વસંતકુમાર પટેલ**
૮૫ ટકા (એ ગ્રુપ)
**વાલી :** શ્રી વસંતકુમાર પટેલ
ડેપ્યુટી એન્જિનિયર,
ડિવિઝન ઓફિસ-૧ પાલનપુર



**કુ. અસ્ફીયા હુસેનઅહમદ પોથીગરા**
૭૧.૨૦ ટકા (સામાન્ય પ્રવાહ)
**વાલી :** શ્રી એચ. યુ. પોથીગરા
પીએસ ટુ મેનેજિંગ ડિરેક્ટર,
મહેસાણા



**કુ. નિચંતા શૈલેશકુમાર નાયક**
૭૪ ટકા (બી ગ્રુપ)
**વાલી :** શ્રી શૈલેશકુમાર એ. નાયક
આસિસ્ટન્ટ મેનેજર (પીઆર)
કોર્પોરેટ ઓફિસ મહેસાણા



**કુ. ઉર્જસ્વી અનિલકુમાર ડામોર**
૬૧.૩૩ ટકા (એ ગ્રુપ)
**વાલી :** શ્રી અનિલકુમાર એસ. ડામોર
એકાઉન્ટ્સ ઓફિસર,
સાબરમતી સર્કલ ઓફિસ

## ધોરણ – ૧૦ (New S.S.C.)



**કુ. પલક ભરતકુમાર પટેલ**
૯૫.૨૦ ટકા
વાલી : શ્રી ભરતકુમાર એ. પટેલ
આસિસ્ટન્ટ લાઇનમેન,
પાટણ સિટી-૧ સબ ડિવિઝન



**કુ. રુચા ઉમેશભાઇ ગોર**
૮૬.૪૦ ટકા
**વાલી :** શ્રી ઉમેશભાઇ એ. ગોર
સિનિયર આસિસ્ટન્ટ,
મહેસાણા કોર્પોરેટ ઓફિસ



**કુ. ધ્રુવા પિયુષભાઈ હાલાણી**
૯૦ ટકા
**વાલી :** શ્રી પિયુષભાઈ હાલાણી
જુનિયર એન્જિનિયર,
સાબરમતી સર્કલ



**કુ. જૈનબ મોહમ્મદફૈસલ પોથીગરા**
૮૪.૪૦ ટકા
**વાલી :** શ્રી મોહમ્મદફૈસલ યુ. પોથીગરા
જુનિયર આસિસ્ટન્ટ,
વિસનગર ડિવિઝન



**કુ. શ્રેયા રાજેશભાઇ પરમાર**
૮૯.૮૦ ટકા
**વાલી :** શ્રી રાજેશ એન. પરમાર
જુનિયર ઇનપુટ-આઉટપુટ,
મહેસાણા સર્કલ ઓફિસ



**કિશન પ્રવિણભાઇ પટેલ**
૮૪.૦૨ ટકા
**વાલી :** શ્રી પ્રવિણભાઈ એમ. પટેલ
નાયબ ઇજનેર,
પાટણ સિટી-૧ સબ ડિવિઝન



**કુ. કૃપા ધર્મેન્દ્રભાઇ ત્રિવેદી**
૮૬.૬૦ ટકા
**વાલી :** શ્રી ધર્મેન્દ્રભાઇ વી. ત્રિવેદી
લાઇનમેન,
સાબરમતી ડિવિઝન



**કુ. ગ્રિષ્મા નિલેશભાઇ પંડ્યા**
૮૩.૪૦ ટકા
**વાલી :** શ્રી નિલેશભાઈ આઈ. પંડ્યા
જુનિયર આસિસ્ટન્ટ,
તલોદ સબડિવિઝન

**હજુ પણ બાળકોની માર્કશીટ, ફોટોગ્રાફ અને વાલીની વિગતો આવતા અંક માટે મોકલી શકો છો.**

# ઇન્ટર સર્કલ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં સતત છઠ્ઠીવાર ચેમ્પિયન બનતા કમલ સિંધી, નાયબ ઇજનેર



પાલનપુર ખાતે જ્યોર્જ પંચમ્ ક્લબ ખાતેના તોરલ હોલમાં યોજાયેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની ઇન્ટર સર્કલ બેડમિન્ટન ટૂર્નામેન્ટની અત્યંત રસાકસીભરી રમતને અંતે મહેસાણા ખાતે રજિસ્ટર્ડ ઓફિસમાં ફરજ બજાવતા કમલ સિંધી, નાયબ ઇજનેર, સિંગલ્સ ચેમ્પિયન બનેલ છે, જ્યારે એનર્જી મેનેજમેન્ટ સેન્ટર, ગાંધીનગર ખાતે ફરજ બજાવતા જીગર શાહ, જુનિયર ઇજનેર રનર અપ થયેલ છે. ડબલ્સ ટૂર્નામેન્ટમાં કમલ સિંધી નાયબ ઇજનેર તથા પી. જે. ત્રિવેદી અધિક્ષક



ઇજનેર (સિવિલ) કોર્પોરેટ ઓફિસ ચેમ્પિયન થયેલ છે જ્યારે જીગર શાહ જુનિયર ઇજનેર, એનર્જી મેનેજમેન્ટ સેન્ટર, ગાંધીનગર, અને જી. એચ. બોરીસાગર, જુનિયર ઇજનેર, વિરમગામ ટાઉન સબ ડિવિઝન રનર્સ અપ થયેલ છે. તારીખ ૬-૭-૮ ઓગસ્ટના રોજ મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ વડોદરા દ્વારા યોજાનાર ઇન્ટર કંપની બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં બાજુની યાદીમાં જણાવેલ ખેલાડીઓ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડનું પ્રતિનિધિત્વ કરશે.

| ઇન્ટર કંપની બેડમિન્ટન માટે પસંદગી પામેલ ખેલાડીઓની યાદી | |
|---|---|
| ૧. | કમલ એસ. સિંધી, નાયબ ઇજનેર, મહેસાણા રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ |
| ૨. | પી. જે. ત્રિવેદી, અધિક્ષક ઇજનેર (સિવિલ), મહેસાણા રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ |
| ૩. | જીગર શાહ, જુનિયર ઇજનેર, એનર્જી મેનેજમેન્ટ સેન્ટર, ગાંધીનગર |
| ૪. | જે. એચ. બોરીસાગર, જુનિયર ઇજનેર, વિરમગામ ટાઉન સબ ડિવિઝન |
| ૫. | આર. એન. પરમાર, જુનિયર ઇનપુટ-આઉટપુટ, મહેસાણા સર્કલ ઓફિસ |

| ઇન્ટર કંપની બેડમિન્ટન માટે સ્ટેન્ડબાય ખેલાડીઓની યાદી | |
|---|---|
| ૧. | આર. એમ. મહેતા, જુનિયર આસિસ્ટન્ટ, ઇડર (ગ્રામ્ય) પેટા વિભાગીય કચેરી |
| ૨. | પ્રણય વાવડિયા, જુનિયર આસિસ્ટન્ટ, મહેસાણા રજિસ્ટર્ડ ઓફિસ |

આ ટૂર્નામેન્ટના ઉદઘાટન તથા સમાપન સમારંભમાં પી. જે. ત્રિવેદી, અધિક્ષક ઇજનેર, (સિવિલ) કોર્પોરેટ ઓફિસ મહેસાણા તથા એચ. ડી. રાઠોડ, કાર્યપાલક ઇજનેર, પાલનપુર સર્કલે હાજરી આપી ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું. ટૂર્નામેન્ટ બાદ વિજેતા ખેલાડીઓને ટ્રોફી તથા ટી શર્ટ આપવામાં આવેલ. રેફરી તરીકે મુકુંદભાઇએ ફરજ બજાવેલ. પાલનપુર વર્તુળ કચેરીના કર્મચારીઓ દ્વારા ટૂર્નામેન્ટનું સફળ આયોજન હાથ ધરવામાં આવેલ જ્યારે કાર્યક્રમનું સંચાલન સ્નેહલ જોષી દ્વારા કરવામાં આવેલ. ■









# જૂનાગઢ ખાતે યોજાઇ ઈન્ટર કંપની બ્રિજ ટૂર્નામેન્ટ

## જીસેકની ટીમ ચેમ્પિયન જ્યારે જેટકોની ટીમ રનર્સઅપ

**ઈન્ટર સર્કલ પછી ઈન્ટર કંપનીની બ્રિજ ટૂર્નામેન્ટમાં પણ વિવિધ કંપનીના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ રાજકોટના યજમાન પદે જૂનાગઢ વર્તુળ કચેરી દ્વારા છઠ્ઠી ઈન્ટર કંપની બ્રિજ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. તા. ૧૭ અને ૧૮મી જૂન ૨૦૧૧ના રોજ આ ટૂર્નામેન્ટ સમસ્ત પ્રજાપતિ એકતા ભવન, ભારતી આશ્રમ પાસે, ભવનાથ જૂનાગઢના સ્થળે યોજવામાં આવેલ. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ વડોદરા હસ્તકની તમામ વીજ વિતરણ કંપનીઓ, પ્રવહન કંપની તથા વીજ ઉત્પાદક કંપનીઓના કુલ ૪૨ જેટલા કર્મચારીઓએ ભાગ લીધેલ.



રસપ્રદ ટૂર્નામેન્ટને અંતે ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશનની ટીમ ચેમ્પિયન થયેલ છે જ્યારે ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશનની ટીમ રનર્સઅપ થયેલ છે.

ટૂર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભ તથા સમાપન સમારંભમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની વતી જૂનાગઢ સર્કલના અધિક્ષક ઈજનેર શ્રી એ. વી. મહેતા, કાર્યપાલક ઈજનેર શ્રી જે. એ. પારેખ, તથા શ્રી વી. એમ. દઢાણીયાએ હાજર ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડેલ. વિજેતા ખેલાડીઓને શીલ્ડ, ટ્રોફી તથા ટીશર્ટ એનાયત કરવામાં આવેલ. ખેલદીલીભરી ટૂર્નામેન્ટને અંતે ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડ માટેની બ્રિજ ટૂર્નામેન્ટ માટેના ખેલાડીઓની પસંદગી કરવામાં આવેલ. જેમાં ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશનની ટીમ ચેમ્પિયન થયેલ જ્યારે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની ટીમ રનર્સઅપ થયેલ છે. ટૂર્નામેન્ટના રેફરી તરીકે શ્રી સી.બી. પટેલ તથા શ્રી એન. એમ. શાહે ફરજ બજાવેલ જ્યારે, સમગ્ર ટૂર્નામેન્ટનું સફળ સંચાલન કુ. પી. ડી. ચાવડા, આસિસ્ટન્ટ સેક્રેટરી શ્રી બી. આર. ભાટુ, સુપરિન્ટેન્ડેન્ટ (એકાઉન્ટ્સ), શ્રી કે. એ. કચ્છી, ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ (એકાઉન્ટ્સ), શ્રી એલ. એન. સોલંકી, સિનિયર આસિસ્ટન્ટ, શ્રી મયુર જાવીયા, જુનિયર આસિસ્ટન્ટ દ્વારા કરવામાં આવેલ. ■

### ચેમ્પિયન જીસેકની ટીમના સભ્યો

| ક્રમ | કર્મચારીનું નામ | પદ | સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી જે. ટી. પેશવાણી | કાર્યપાલક ઈજનેર (સિવિલ) | કોર્પોરેટ ઓફિસ વડોદરા |
| ૨ | શ્રી આર. જી. કપૂર | કાર્યપાલક ઈજનેર (સિવિલ) | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન |
| ૩ | શ્રી એન. જી. મહેતા | કાર્યપાલક ઈજનેર | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન |
| ૪ | શ્રી જી. સી. મહેતા | કાર્યપાલક ઈજનેર | પાન્ધ્રો કે. એલ. ટી. પી.એસ. |
| ૫ | શ્રી એસ. એમ. દલાલ | કાર્યપાલક ઈજનેર | એસ એસ એન એલ એચઈપી |
| ૬ | શ્રી સી. જી. પ્રજાપતિ | નાયબ ઈજનેર (સિવિલ) | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન |

### રનર્સ અપ થયેલ જેટકોની ટીમના સભ્યો

| ક્રમ | નામ | પદ | સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી જે. એસ. શાહ | નાયબ ઈજનેર | એસ.એલ.ડી.સી. ગોત્રી |
| ૨ | શ્રી આર. પી. શાહ | કાર્યપાલક ઈજનેર | એસ.એલ.ડી.સી. ગોત્રી |
| ૩ | શ્રી એમ. એલ. કૌશિક | કાર્યપાલક ઈજનેર | એસ.એલ.ડી.સી. ગાંધીનગર |
| ૪ | શ્ર એસ. જે. રૂપારેલ | નાયબ ઈજનેર | એસ.એલ.ડી.સી. ગાંધીનગર |
| ૫ | શ્રી બી. આર. બેરાવાલા | ડ્રાફટમેન | જાંબુવા કન્સ્ટ્રક્શન ડિવિઝન |
| ૬ | શ્રી કે. એમ. પટેલ | પી ઓ ૧ | ૪૦૦ કે. વી. આસોજ |

### ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની બ્રિજ ટુર્નામેન્ટના પસંદગી પામેલ ખેલાડીઓ

| ક્રમ | નામ | પદ | સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી જે. ટી. પેશવાની | કાર્યપાલક ઈજનેર (સિવિલ) | કોર્પોરેટ, વડોદરા જીસેક |
| ૨ | શ્રી આર. જી. કપૂર | કાર્યપાલક ઈજનેર (સિવિલ) | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન, જીસેક |
| ૩ | શ્રી એન. જી. મહેતા | કાર્યપાલક ઈજનેર | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન, જીસેક |
| ૪ | શ્રી જી. સી. મહેતા | કાર્યપાલક ઈજનેર | એસ. એસ. એન. એલ. એચ. ઈ.પી. જીસેક |
| ૫ | શ્રી જે. એસ. રૂપારેલ | નાયબ ઈજનેર | એસ. એસ. એન. એલ. એચ. ઈ.પી. જીસેક |
| ૬ | શ્રી જે. એસ. શાહ | નાયબ ઈજનેર | એસ. એલ. ડી. સી., ગોત્રી, જેટકો |

### સ્ટેન્ડબાય ખેલાડીઓ

| ક્રમ | નામ | પદ | સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી એ. પી. પટેલ | એ. પી. આસિસ્ટન્ટ | કોર્પોરેટ ઓફિસ મહેસાણા યુજીવીસીએલ |
| ૨ | શ્રી એ.એસ. પટેલ | સુપરિન્ટેન્ડેન્ટ (એકાઉન્ટ્સ) | રાજપીપળા વિભાગીય કચેરી, ડીજીવીસીએલ |

# ઈન્ટર કંપની વોલીબોલ ટૂર્નામેન્ટ

- સતત પાંચમા વર્ષે દક્ષિણ ગુજરાત વીજ કંપની ચેમ્પિયન
- સતત બીજા વર્ષે ઉત્તર ગુજરાત વીજ કંપની રનર્સઅપ

વર્ષ ૨૦૧૧-૧૨ના રમત-ગમત માટે કેલેન્ડર મુજબ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. વડોદરા દ્વારા ચેસ, બ્રિજ, ક્રિકેટ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, કેરમ, લોન ટેનિસ, વમિન્સ સ્પોર્ટસ તથા કબડ્ડી જેવી રમતોનું આયોજન હાથ ધરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઈન્ટર કંપની વોલીબોલ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ, જે દક્ષિણ ગુજરાત વીજ કંપનીના યજમાન પદે તા ૧૧ અને ૧૨ જૂનના રોજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ, કામરેજ ચાર રસ્તા, સુરત ખાતે યોજાયેલ.

આ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચ ઉત્તર ગુજરાત વીજ કંપની અને દક્ષિણ ગુજરાત વીજ કંપની વચ્ચે રમાયેલ. ગત વર્ષે અંબાજી ખાતે યોજાયેલ ઈન્ટર કંપની વોલીબોલ ટૂર્નામેન્ટ આ જ હરીફો વચ્ચે યોજાયેલ અને અંબાજી ખાતે જે પરિણામ જાહેર થયેલ તે મુજબ આ વર્ષે પણ દક્ષિણ ગુજરાત વીજ કંપનીની ટીમ ચેમ્પિયન બનેલ જ્યારે ઉત્તર ગુજરાત વીજ કંપનીની ટીમ રનર્સઅપ થયેલ છે.

આ ટૂર્નામેન્ટના ઉદ્ઘાટન સમારંભમાં પધારેલ આમંત્રિત મહેમાનોમાં શ્રી એ. કે. કોલ, ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર, શ્રી આર. એસ. શર્મા, અધિક્ષક ઈજનેર સુરત ઉપરાંત ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડમાંથી શ્રી કે. કે. સોની, જનરલ મેનેજર, શ્રી એસ. એ. શેખ, ડેપ્યુટી જનરલ મેનેજરે હાજરી આપી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રાસંગિક પ્રવચનમાં શ્રી એ. કે. કોલે હાજર રહેલ તમામ ટીમને સફળતાની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ ટૂર્નામેન્ટના સમાપન સમારંભમાં અધિક્ષક







**ચેમ્પિયન ડીજીવીસીએલની ટીમ**

| ક્રમ | કર્મચારીનું નામ અને હોદ્દો | નોકરીનું સ્થળ |
|---|---|---|
| ૧ | શ્રી એસ. સી. પરમાર, સીનિયર આસિસ્ટન્ટ | ગોડાદરા સબડિવિઝન |
| ૨ | શ્રી એન. એસ. પટેલ, જુનિયર આસીસ્ટન્ટ | નવસારી સબડિવિઝન |
| ૩ | શ્રી આર. એમ. વસાવા, જુનિયર આસીસ્ટન્ટ | સરોલી સબડિવિઝન |
| ૪ | શ્રી ગીરીશ જે. ચાવડા, હેલ્પર | કામરેજ રૂરલ સબડિવિઝન |
| ૫ | શ્રી જી. એમ. બારોટ, જુનિયર આસીસ્ટન્ટ | રાજપારડી સબડિવિઝન |
| ૬ | શ્રી એસ. જે. ટંડેલ, જુનિયર આસીસ્ટન્ટ | વલસાડ સબડિવિઝન |
| ૭ | શ્રી એસ. પી. પવાર, હેલ્પર | સાયન સબડિવિઝન |
| ૮ | શ્રી પી. એમ. મિસ્ત્રી, હેલ્પર (વિ. એસ.) | પુના સબડિવિઝન |
| ૯ | શ્રી એ. જી. ટંડેલ, હેલ્પર | ઈરૂ સબડિવિઝન |
| ૧૦ | શ્રી કે. ડી. પટેલ, હેલ્પર | નવસારી સબડિવીઝન |

## ઓલ ઈન્ડિયા ઈલેકટ્રિસિટી સ્પોર્ટસ કન્ટ્રોલ બોર્ડની વોલીબોલ ટૂર્નામેન્ટ માટે પસંદગી થયેલ ટીમ

| ક્રમ | કર્મચારીનું નામ અને હોદ્દો | નોકરીનું સ્થળ | કંપનીનું નામ |
|---|---|---|---|
| ૧ | શ્રી એસ. સી. પરમાર, સિનિયર આસિસ્ટન્ટ | ગોડાદરા સબડિવિઝન | ડીજીવીસીએલ |
| ૨ | શ્રી એન. એસ. પટેલ, જુનિયર આસિસ્ટન્ટ | નવસારી સબડિવિઝન | ડીજીવીસીએલ |
| ૩ | શ્રી આર. એમ. વસાવા, જુનિયર આસિસ્ટન્ટ | સરોલી સબડિવિઝન | ડીજીવીસીએલ |
| ૪ | શ્રી જી. એમ. બારોટ, જુનિયર આસિસ્ટન્ટ | રાજપદડી સબડિવીઝન | ડીજીવીસીએલ |
| ૫ | શ્રી વાય. એસ. રાવલ, જુનિયર આસિસ્ટન્ટ | રાધનપૂર ડિવિઝન | યુજીવીસીએલ |
| ૬ | શ્રી રાકેશ આર. સિંઘ, જુનિયર આસિસ્ટન્ટ | સમા સબડિવિઝન, વડોદરા | એમજીવીસીએલ |
| ૭ | શ્રી સી. એન. પેન્ડોર, કાર્યપાલક ઇજનેર | કોર્પોરેટ ઓફિસ, વડોદરા | એમજીવીસીએલ |
| ૮ | આર. જી. મૈસુરીયા, પી. ઓ. (૧) | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | જીસેક |
| ૯ | શ્રી ડી. આર. પટેલ, હેલ્પર | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | જીસેક |
| ૧૦ | શ્રી વાય. કે. ટંડેલ, જુનિયર આસિસ્ટન્ટ | પ્રવહન વિભાગીય કચેરી | જેટકો |

## સ્ટેન્ડબાય ખેલાડીઓ

| ક્રમ | કર્મચારીનું નામ અને હોદ્દો | નોકરીનું સ્થળ | કંપનીનું નામ |
|---|---|---|---|
| ૧ | શ્રી ગીરીશ જે. ચાવડા, હેલ્પર | કામરેજ, રૂરલ સબડિવિઝન | ડીજીવીસીએલ |
| ૨ | શ્રી એચ. આર. નિનામા, હેલ્પર | હિંમતનગર, રૂરલ સબડિવિઝન | યુજીવીસીએલ |
| ૩ | શ્રી કે. કે. ઝંકટ , એસ બી. ઓ | ઉના-૨, રૂરલ સબડિવિઝન | પીજીવીસીએલ |
| ૪ | શ્રી એ. ડી. ચૌહાણ, હેલ્પર (વી એસ.) | સાવરકુંડલા ટાઉન, સબડિવીઝન | પીજીવીસીએલ |

ઇજનેર, સુરત શ્રી આર. એસ. શર્માએ હાજરી આપી ચેમ્પિયન અને રનર્સઅપ ખેલાડીઓને શીલ્ડ ટ્રોફી તથા ટીશર્ટ આપેલ. ટૂર્નામેન્ટના રેફરી તરીકે શ્રી મહોમદભાઈ, શ્રી દિલીપભાઇ, શ્રી ખોડજીએ ફરજ બજાવેલ.

આ ટૂર્નામેન્ટમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. હસ્તકની તમામ વીજ વિતરણ કંપનીઓ જેવી કે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ સુરત, ઉત્તર ગુજરાત વીજ કંપની લી., મહેસાણા, મધ્ય ગુજરાત વીજ કંપની લી. વડોદરા, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. રાજકોટ, પ્રવહન ક્ષેત્રની ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ, વડોદરા વીજ ઉત્પાદન ક્ષેત્રની ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ વડોદરા તથા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ વડોદરાની ટીમોએ ભાગ લઇને સ્પોર્ટસમેન સ્પિરિટથી રમીને ટૂર્નામેન્ટને સફળ બનાવેલ. ટૂર્નામેન્ટને અંતે ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રિસિટી સ્પોર્ટસ કન્ટ્રોલ બોર્ડ માટેની વોલિબોલ ટુર્નામેન્ટના ખેલાડીઓની પસંદગી કરવામાં આવેલ. ડીજીવીસીએલ દ્વારા ટૂર્નામેન્ટનું સફળ સંચાલન હાથ ધરવામાં આવેલ. ■





# ગુજરાત રાજ્યના હિતમાં મુખ્યમંત્રીનો આદેશ



ગુજરાત રાજ્યમાં છેલ્લાં બે વર્ષથી વરસાદ ખેંચાતા ખેતી ક્ષેત્રે વીજળીની માગમાં જોરદાર વધારો થયો છે ત્યારે સરકારે ખેતીના પાકના વાવેતર માટે વધુ બે કલાક વીજ-પુરવઠો આપવાનો નિર્ણય લીધો છે. જેના કારણે અત્યાર સુધી ખેતી ક્ષેત્રે ૮ કલાક વીજળી અપાતી હતી, તે હવે વધારીને ૧૦ કલાક સુધી અપાશે.

ઊર્જા-રાજ્યમંત્રી શ્રી સૌરભ પટેલે જણાવેલ કે, પહેલાં ૮ કલાક વીજ પુરવઠો અપાતો હતો, જેમાં બે કલાકનો વધારો કરી ૧૦ કલાક કરવામાં આવશે. સામાન્ય રીતે ગુજરાતમાં ૧૫મી જૂનથી ચોમાસુ બેસી જતું હોય છે પરંતુ ચાલુ વર્ષે વરસાદ ખેંચાયો છે, એટલે રાજ્યના ખેડૂતોને પાકની વાવણી માટે પાણીના અભાવે મશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે, મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૨૮મી જૂનથી રાજ્યના તમામ ખેતીવિષયક ફીડરો ઉપરથી ૮ કલાકને બદલે ૧૦ કલાક સતત થ્રી-ફેઈઝ વીજ પુરવઠો આપવાનો આદેશ કર્યો છે. જ્યાં સુધી બીજી સૂચના ન અપાય ત્યાં સુધી તેનો અમલ ચાલુ રાખવામાં આવશે. સરકાર માને છે કે તેના આ નિર્ણયને કારણે ખેડૂતોને પૂરતું પાણી મળી રહેશે અને તેઓ સારૂં કૃષિ ઉત્પાદન મેળવી શકશે. ■

# ICWAI અમદાવાદ દ્વારા મેનેજિંગ કમિટીમાં વાઈસ ચેરમેન તરીકે નિયુક્ત થતા શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઈનાન્સ)



ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાના વેસ્ટર્ન ઈન્ડિયા રીજીઓનલ કાઉન્સિલના અમદાવાદ ચેપ્ટરની ૪૬મી વાર્ષિક જનરલ મીટિંગ તા. ૩૦ મે- ૨૦૧૧ના રોજ યોજાયેલ. જેમાં વર્ષ ૨૦૧૧-૧૨ માટે મેનેજિંગ કમિટીની રચના થઈ. વર્ષ ૨૦૧૧-૧૨ની મેનેજિંગ કમિટીના વાઈસ ચેરમેનપદે શ્રી આર.બી. કોઠારીની નિયુક્તિ કરવામાં આવેલ છે કે જેઓ આપણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે જનરલ મેનેજર (ફાઈનાન્સ) તરીકે ફરજ બજાવે છે. યુજીવીસીએલ પરિવાર તેઓને હાર્દિક શુભકામના પાઠવે છે. ■

# લોક અદાલત દ્વારા એક જ દિવસમાં રૂ.૫૧.૩૧ લાખની રોકડ મહેસૂલી વસુલાત

તા ૨૬/૦૬/૨૦૧૧ના રોજ યુજીવીસીએલના તાબા હેઠળ કુલ ૩૭ પ્રીલિટિગેશન (કોર્ટમાં કેસ દાખલ કર્યા પહેલાં)ની લોક અદાલતો ઉપરાંત ૧૫ લિટિગેશન (કોર્ટમાં કેસ દાખલ કર્યા પછી)ની અદાલતોનું આયોજન હાથ ધરવામાં આવેલ.

જે પૈકી ૧૫ લિટિગેશન લોક અદાલતમાં કુલ ૪૫૨ જેટલા કેસ મુકવામાં આવેલ જેમાંથી (૨૧) કેસોનુ સુખદ સમાધાન થયેલ જેમાંથી રૂ. ૯૨.૭૫ લાખની વસુલાત નક્કી થયેલ તે પૈકી રૂ. ૨૫.૦૪ લાખ સ્થળમાં રોકડ મહેસૂલી વસુલાત મળેલ. જ્યારે ૩૭ પ્રીલિટિગેશન લોક અદાલતમાં ૧૨૦૨૦ કેસો મુકવામાં આવેલ જેમાંથી ૨૩૧૬ જેટલા કેસોનું સુખદ સમાધાન થયેલ જેમાંથી રૂ. ૩૪.૦૮ લાખની મહેસૂલી વસુલાત નક્કી થયેલ તે પૈકી રૂ. ૨૬.૨૭ લાખની સ્થળ પર રોકડ વસુલાત મળેલ. આમ કુલ ૫૨ જેટલી લોક અદાલતોમાં મુદ્દાસર કુલ ૧૨૪૭૨ કેસો પૈકી ૨૩૦૦ કેસોનું સુખદ સમાધાન થતા કુલ ૧૨૬.૯૩ લાખની વસુલાત નક્કી થયેલ તે પૈકી રૂ. ૫૭.૩૧ લાખ જેવી માતબર રકમ સ્થળ પર રોકડ મહેસૂલી વસુલાત મળેલ. સમગ્ર કામગીરી દરમિયાન ગ્રાહકોનો સાનુકૂળ પ્રતિસાદ મળ્યો જે માટે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર દ્વારા આનંદ અને સંતોષની લાગણી વ્યક્ત કરવામાં આવેલ. ■



# પ્રોજેક્ટ માટે સૂચનો મંગાવતી કેન્દ્ર સરકાર

મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જીએ જવાહરલાલ નહેરુ નેશનલ સોલર મિશન અંતર્ગત ૨૦૧૧-૧૨ દરમિયાન શરૂ થયેલા ગ્રીડ કનેક્ટેડ સોલર પાવર પ્રોજેક્ટની પસંદગી માટે પાવર ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ પાસેથી મહત્ત્વનાં સૂચનો અને માર્ગદર્શન આમંત્રિત કર્યા છે. મિનિસ્ટ્રીએ ફોટોવોલ્ટેક પાવર પ્લાન્ટની ક્ષમતા વધુમાં વધુ કેટલી હોઇ શકે તેનાં સૂચનો મંગાવ્યા છે. ■

# યુજીવીસીએલના કર્મચારીઓ પર હુમલો કરનાર ઝડપાયો

ત્રણ વર્ષ અગાઉ વિજાપુર તાલુકાના દેવીપુરા ગામમાં વીજ કંપનીના કર્મચારી સાથે મારામારી કરવામાં સંડોવાયેલા શખ્સ પટેલ જયંતિભાઈ હાથીભાઈની પેરોલ સ્કવોડ ધરપકડ કરી હતી. આ આરોપી છેલ્લા ત્રણ વર્ષથી વિજાપુર પોલીસના ચોપડે નાસતો ફરતો હતો. ઝડપાયેલા આ આરોપીને મહેસાણા સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચે વિજાપુર પોલીસને સોંપ્યો હતો. આમ, પેરોલ સ્કવોડની સતર્કતાને કારણે નાસતો ફરતો આરોપી ઝડપાઈ ગયો હતો.

ઉપરોક્ત બનાવ ગોજારિયા પેટા-વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના ગામ દેવીપુરા તાલુકા વિજાપુર ખાતે ૧૪-૨-૨૦૦૯ના રોજ બનવા પામેલ હતો. ગોજારિયા પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર શ્રી એન.પી.પટેલ તથા જુનિયર ઈજનેર શ્રી એમ.સી. જોષી તેમના સ્ટાફ સાથે દેવીપુરા ગામમાં ચેકિંગ કરવા ગયેલ ત્યારે ગામની સ્ટ્રીટ લાઈટમાં વીજચોરી માલૂમ પડેલ હતી. ગામ લોકોએ બંને ગાડીઓને ઘેરાવ કરી, વીજ કંપનીના કર્મચારી ઉપર હુમલો કરી ચેકિંગ કામગીરીમાં રૂકાવટ કરેલ હતી. આ બનાવ અંગે નાયબ ઈજનેરશ્રી દ્વારા વસાઈ પોલીસ સ્ટેશનમાં ગુનાની ફરિયાદ નોંધાવેલ હતી. આ બનાવમાં સ્ટ્રીટ લાઈટમાં વીજચોરી અંગેનું બિલ રૂ.૬૯૨૧.૮૮ આપવામાં આવેલ હતું જે ભરપાઈ થયેલ છે. ■

# ટ્રાન્સફોર્મર તોડી કોઈલની ચોરી કરનાર ઝડપાયો

મહેસાણા તાલુકાના સાંથલ ઓઈલ ક્ષેત્રમાં કૂવાઓ ઉપર મૂકાયેલાં વીજ કંપનીના ટ્રાન્સફોર્મર તોડી કોઈલ ચોરી કરવાના અને સરકારી મિલકતને નુકસાન પહોંચાડવાના આરોપમાં સાંથલ પોલીસે એક વર્ષ અગાઉના ગુનામાં સંડોવાયેલા શખ્સની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર મૂળ રાજસ્થાનનો વતની પુરણમલ ભેરુમલ સાંથલ પોલીસ મથકની હદમાં ટ્રાન્સફોર્મર તોડી કોઈલોની ચોરી કરવાના ગુનામાં સંડોવાયો હતો ઉપરોક્ત શખ્સ એક વર્ષ અગાઉ ચોરી કરતાં પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. સાંથલ પોલીસે મૂળ રાજસ્થાનના વતની અને છત્રાલમાં રબારીવાસમાં રહેતા કુમાવત પુરણમલની ધરપકડ કરી હતી. ઝડપાયેલા આરોપી પાસેથી મુદ્દામાલ રિકવર કરવા માટે પોલીસે વધુ પૂછપરછ હાથ ધરી છે. સાંથલ પોલીસ આ આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. ■

# કલોલ વિભાગીય કચેરી દ્વારા રક્તદાન શિબિરનું આયોજન

તા. ૧૭-૦૬-૨૦૧૧ના રોજ કલોલ ખાતેની યુજીવીસીએલની વિભાગીય કચેરીમાં કર્મચારીઓ દ્વારા પ્રથમા લેબ સેન્ટરના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં યુજીવીસીએલના રક્તદાતા કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈને કુલ ૬૪ યુનિટ રક્તદાન કર્યું હતું.

આ રક્તદાન શિબિરમાં પ્રથમા લેબ સેન્ટરના અધિકારી શ્રી શૈલેષભાઈ ગાલિયા, કાર્યપાલક ઈજનેર શ્રી આર. સી. પટેલ, નાયબ અધિક્ષક (વહીવટ) શ્રી એમ. જે. પરમાર, સિનિયર આસિસ્ટન્ટ શ્રી ડી. એ. બારોટ વગેરે સહિત સ્ટાફના દરેક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને યુજીવીસીએલ તરફથી યોજાયેલ રક્તદાન શિબિરને સફળ બનાવી હતી. ■











## મંજૂરીનો વિવાદ

ભારત સરકારના ઊર્જા મંત્રાલયે, પર્યાવરણ અને વન મંત્રાલયને તેનો એક નિર્દેશ પરત ખેંચવા જણાવ્યું છે. આ નિર્દેશ અનુસાર, કોઈ પણ પ્રોજેક્ટ શરુ કરતાં પહેલાં વન વિભાગની મંજૂરી મેળવવી જરૂરી બને છે. અગાઉ, કંપનીઓએ વન સિવાયની



સાઈટ પર કામ શરૂ કરતાં પહેલાં મંજૂરી મેળવવી જરૂરી નહોતી, માત્ર પ્રોજેક્ટ વન વિસ્તારમાં આવતી જમીન પર હોય તો જ આ મંજૂરી જરૂરી હતી. હવેની જોગવાઈ અનુસાર, માઈનિંગ અને પાવરને લગતા જે પ્રોજેક્ટ્સને એનવાયર્નમેન્ટ ક્લીયરન્સ મળી ગઈ છે તેમણે એક વર્ષ દરમિયાનમાં વન વિભાગની મંજૂરી પણ લેવાની રહેશે. ■

## સુધારા અને નિયમો



સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (સીઈઆરસી)એ ટર્મ્સ એન્ડ કન્ડિશન્સ ઓફ ટેરિફ રેગ્યુલેશન ૨૦૧૧ના બીજા સંશોધનમાં ફેરફારો કર્યા છે. સંશોધન અનુસાર નિયમોમાં કમિશન દ્વારા મંજૂર થયેલ ટેરિફમાં બિલ બનાવનાર કંપની અથવા ટ્રાન્સમિશન લાયસન્સી તરફથી વધારો આપ્યાની જાણકારી મળ્યેથી લાયસન્સી તેના રીફન્ડ અથવા રીકવરી માટે સીઈઆરસી દ્વારા નિર્ધારિત વ્યાજ પ્રમાણે માગણી કરી શકે છે. ■

## ક્રોસ બોર્ડર ઈલેક્ટ્રિસિટી ટ્રેડિંગ



મિનિસ્ટ્રી ઓફ એક્સ્ટર્નલ અફેર્સ ટૂંક સમયમાં એનટીપીસી વિદ્યુત વ્યાપાર નિગમ લિમિટેડ (એનવીવીએનએલ)ને ભારત અને બાંગલાદેશને ક્રોસ બોર્ડર ઇલેક્ટ્રિસિટી ટ્રેડિંગ કરવા માટે પરવાનગી આપશે. અત્યાર સુધી ક્રોસ બોર્ડર ઇલેક્ટ્રિસિટી ટ્રેડિંગ માર્કેટમાં પીટીસીનું પ્રભુત્વ હતું જ્યારે હવે તેમાં એનવીવીએનને પ્રવેશ મળી શકશે. આગામી માસમાં એનવીવીએન અને બાંગલાદેશ પાવર વિકાસ બોર્ડ આ સંદર્ભે કરાર પર સહી કરશે. ■

## વીજ કંપનીના કર્મચારીઓને તબીબી સારવાર માટે કેશલેસ સુવિધા



ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડના તમામ કાયમી કર્મચારીઓ નીચે જણાવેલ હોસ્પિટલોમાં કેશલેસ સ્કિમ હેઠળ પોતાની સારવાર જીએસઓ ૩૩૫ મુજબ લઇ શકે છે.

**હોસ્પિટલોનાં નામ**

- એપોલો હોસ્પિટલ્સ ઇન્ટરનેશનલ લિમિટેડ, ગાંધીનગર
- સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ
- સ્ટર્લિંગ હોસ્પિટલ, ભાવનગર
- સ્ટર્લિંગ હોસ્પિટલ, મહેસાણા (લાયન્સ હોસ્પિટલ, મહેસાણા)
- સાલ હોસ્પિટલ, અમદાવાદ
- ગોયેંકા હોસ્પિટલ, ગાંધીનગર
- બરોડા હાર્ટ એન્ડ રીસર્ચ સેન્ટર, વડોદરા
- બરોડા હાર્ટ એન્ડ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ, ભરુચ
- સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ



# હવેથી સ્વર્ણિમ ગુજરાત લોગોનો ઉપયોગ કરવાનો રહેશે નહીં

ગુજરાત રાજ્યની સ્થાપનાને ૫૦ વર્ષ ૧લી મે ૨૦૧૦ના રોજ પૂર્ણ થયેલ છે. રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય સ્થાપના સુવર્ણ જયંતિ ઉજવણી વર્ષ ૧લી મે ૨૦૧૦થી ૧લી મે ૨૦૧૧ સુધી ઉજવવાનું નક્કી કરેલ. આ ઉજવણીના ભાગરૂપે ૧લી મે **૨૦૦૮ના** રોજ અમરેલી ખાતે સ્વર્ણિમ ગુજરાતનો લોગો રીલીઝ કરી, સ્વર્ણિમ સંકલ્પ જ્યોત રથ યાત્રાનો પ્રારંભ કરેલ. સ્વર્ણિમ ગુજરાતના બહોળા પ્રચાર-પ્રસાર થાય અને આ કાર્યક્રમ લોકભોગ્ય બની લોકજુવાળ ઊભો કરી શકે તેવા ઉમદા હેતુથી સ્વર્ણિમ ગુજરાતનો લોગો રાજ્ય સરકારના પ્રસિદ્ધ થતા તમામ સાહિત્ય, સરકારી પ્રકાશનો, પુસ્તકો, કેલેન્ડર્સ, પોસ્ટરો, બેનરો, હોર્ડિંગ, જાહેરાતો, સરકારી સ્ટેશનરી અને ખાસ આયોજિત ઈવેન્ટમાં ઉપયોગ કરવા અંગે સૂચના આપવામાં આવી હતી.

તારીખ ૧-૫-૨૦૧૧ના દિવસે સ્વર્ણિમ ગુજરાત મહોત્સવની ઉજવણી પૂર્ણ થયા બાદ રાજ્ય સરકારના આદેશને ધ્યાનમાં લઈને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા પાઠવેલ સૂચનાને આધિન વિભાગો, કચેરીઓ, ખાતાના વડાઓ દ્વારા સ્વર્ણિમ લોગો સહિતની સ્ટેશનરી છાપવામાં આવેલ છે તે સ્ટેશનરી સ્ટોકમાં હોય તો તે સ્ટેશનરીનો ઉપયોગ કરી શકાશે પરંતુ હવે પછી સરકારશ્રી દ્વારા છાપવામાં આવનાર સ્ટેશનરી, સાહિત્ય, પુસ્તકો, પ્રકાશનો, પોસ્ટરો, બેનરો, હોર્ડિંગ્સ, જાહેરાતો, આયોજિત કાર્યક્રમો વગેરેમાં સ્વર્ણિમ લોગોનો ઉપયોગ કરવાનો રહેશે નહીં. ■

## યુજીવીસીએલના નિવૃત્ત કર્મચારીઓને શુભકામનાઓ

જૂન ૨૦૧૧ના મહિના દરમિયાન ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ની વિવિધ કચેરીઓમાંથી કુલ ૧૦૧ જેટલા કર્મચારીએ સેવાનિવૃત્ત થયા. તા. ૩૦મી જૂનના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ના તાબા હેઠળની વિવિધ કચેરીઓમાં સેવાનિવૃત્ત થતા કર્મચારીઓ માટે વિદાય સમારંભોનું આયોજન કરી ભાવભરી વિદાય આપવામાં આવેલ. લાંબા ગાળા સુધી કંપની અને ગ્રાહકોના હિત પ્રત્યે સતત પ્રતિબધ્ધ રહીને સંપૂર્ણ નિષ્ઠાથી પોતાની ફરજ બજાવનારા આ કર્મચારીઓના અનુભવ અને કાર્યકૌશલ્યની આપણને ચોક્કસ ખોટ પડશે. તેમનું નિવૃત્ત જીવન સુખ-શાંતિ અને સ્વાસ્થ્યથી સંપન્ન રહે તેવી સમગ્ર યુજીવીસીએલ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છાઓ. ■



### ધ્રુવ રાજેન્દ્રભાઈ રાવલ

યુજીવીસીએલના સાબરમતી ગેસ્ટ હાઉસમાં મેનેજર તરીકે ફરજ બજાવતા શ્રી આર. ડી. રાવલના સુપુત્ર શ્રી ધ્રુવ રાજેન્દ્રભાઇ રાવલ ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા વર્ષ ૨૦૧૧માં લેવાયેલ કંપની સેક્રેટરી (સી.એસ.)ની પ્રોફેશનલ પરીક્ષામાં ઉત્તિર્ણ થયા છે. યુજીવીસીએલ પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.

## ઉપાડો કલમ!

મિત્રો, ''આપણું યુજીવીસીએલ'' એ આપણા સૌનો એક સહિયારો પ્રયાસ છે. પર્યાવરણને સાનુકૂળ એવા માધ્યમથી આપણે સૌ આપણા કાર્યલક્ષી સમાચારો, વિચારો, અનુભવો અને સિદ્ધિઓની આપલે કરી શકીએ એ માટેનો આ એક મંચ છે.

ગુજરાતમાં જાહેર ક્ષેત્રની કંપનીઓમાં આપણે આ એક નૂતન પહેલ કરી છે અને મારી આપ સૌને આગ્રહભરી વિનંતી છે કે આપણે સૌ વધુ ને વધુ સક્રિય બનીને આ પહેલને આગળ ધપાવીએ.

ગ્રાહકોને સતત, પર્યાપ્ત અને વિશ્વસનીય વીજપુરવઠો પહોંચાડવાના આપણા કાર્યલક્ષ્યમાં મદદરૂપ થાય કે આપણી કાર્યપ્રણાલીઓને વધુ સુદ્રઢ બનાવે તેવાં કોઈ પણ સૂચન કે વિચારો દર્શાવતા લેખ અહીં આવકાર્ય છે.

તે રીતે, કંપનીના કાર્યક્ષેત્ર ઉપરાંત અન્ય કોઈ પણ ક્ષેત્રમાં આપનું કે આપના પરિવારના સભ્યોનું આગવું પ્રદાન હોય તો તેના વિશે પણ આપ માહિતી મોકલી શકો છો.

મહિલા મંડળોની પ્રવૃત્તિઓ, વિવિધ સ્પર્ધાઓ, કવિતા કે ટૂંકી વાર્તા, પ્રેરક લખાણ, સાંપ્રત બાબતોને લગતાં ચિત્રો કે કાર્ટૂન... એવી કોઈ પણ સામગ્રી, જે યુજીવીસીએલના પરિવારના સૌ સભ્યો માટે ઉપયોગી, માહિતીપ્રદ કે રસપ્રદ હોય તે આ ન્યૂઝલેટર માટે જરૂર આવકાર્ય છે.

હું ખાસ ઇચ્છું છું કે આ ન્યૂઝલેટરમાં કંપનીના તમામ કર્મચારીઓના વિચારો અને અનુભવો ઝીલાય અને નાનામાં નાના કર્મચારીના દિલમાં રહેલી વાતનો ધબકાર પણ તેમાં ઝીલાતો થાય!

તો ઉપાડો કલમ અને લખી મોકલો આપનું યોગદાન!

**સંરક્ષક, ''આપણું યુજીવીસીએલ''**
**અને મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ**

**સંપર્ક ઈ-મેઈલ :**
**cs@ugvcl.in. managercc@ugvcl.in**
**sanaik_41262@yahoo.co.in**

# પોઝિટીવ એટિટ્યૂડ રાખો અન્યને પ્રેરણા આપો

**જીવનમાં સકારાત્મક અભિગમ રાખવાથી અનેક ફાયદા થતા હોય છે. કોઇપણ ખરાબ ઘટના ઘટે ત્યારે ધીરજ રાખી હિંમત રાખી જે થશે તે સારું જ થશે તેમ વિચારી પરિસ્થિતિને સકારાત્મક રીતે જોતાં જીવનમાં નવી ઊર્જા મેળવી શકાય છે**

તમે કરોળિયો તો જોયો જ હશે. તે જાળું બનાવવા તેના મોંની લાળ કાઢી તેની પર ચઢતો હોય છે. તે વારંવાર પડે છે છતાંય પાછો ઊભો થાય છે અને છેવટે સુંદર જાળું બનાવે છે.

રુશિન એક રેસ્ટોરન્ટમાં મેનેજર હતો. તેને જ્યારે કોઇ પૂછે કે, કેમ છો? તો તે ફટાક લઇને હસીને જવાબ આપે, એકદમ મઝામાં છું, ખુશ છું. તેની જીવન પ્રત્યેની સકારાત્મકતા પેલા કરોળિયાના જાળા જેવી જ હતી.





રુશિન એક એવો મેનેજર હતો કે તેણે જેટલી હોટેલ્સ બદલી તેટલા જ હોટેલના વેઇટર્સ પણ બદલાયાં. કારણ કે દરેક તેની નીચે કામ કરવા માગતાં હતાં. તેનો સ્વભાવ જ એવો હતો. જ્યારે કોઇ કર્મચારી તેને પોતાનો ખરાબ અનુભવ કે ખરાબ દિવસ હોવાની ફરિયાદ કરતો ત્યારે તે તેમાંથી પોઝિટીવ વાત કાઢીને તેમને સમજાવતો.

એકવાર મુંજાલને થયું કે આનું રહસ્ય શું હોઇ શકે? જાણવું જોઇએ. તેણે સીધું રુશિનને જઇને પૂછી જ લીધું કે, કોઇપણ વ્યક્તિ સતત સકારાત્મક કઇ રીતે રહી શકે? અને તું આમ કઇ રીતે કરી શકે છે?

રુશિને જવાબ આપતાં કહ્યું, રોજ સવારે ઊઠીને હું મારી જાતને કહું છું, જીવનમાં કોઇ પણ સ્થિતિમાં બે પ્રકારના મૂડ રાખવાના રહેશે, એક સારો, એક ખરાબ. હું સારા મૂડમાં જ રહેવા માગું છું. જ્યારે કંઇ પણ ખરાબ બને ત્યારે પણ બે પસંદગી હોય છે હું તે સ્થિતિનો શિકાર બનું અથવા તેમાંથી કંઇક શીખું. હું શીખું છું.

મુંજાલ આ સાંભળીને ખાસો પ્રભાવિત થયો અને તેને ધન્યવાદ કહી તે પોતાને ઘેર ગયો. તેણે રેસ્ટોરન્ટનું કામ છોડી પોતનો બિઝનેસ શરૂ કર્યો અને પોતાના કામમાં લાગી ગયો. બંને વર્ષો સુધી મળ્યા નહીં પરંતુ મુંજાલ હંમેશાં રુશિનને યાદ કરતો અને કોઇ પણ સિચ્યુએશનમાં બે ચોઇસ વિશે વિચારતો અને જે સકારાત્મક હોય તે સ્વીકારતો.

વર્ષો પછી મુંજાલને જાણવા મળ્યું કે એકવાર રુશિન તેની રેસ્ટોરન્ટનો પાછલો દરવાજો બંધ કરવાનું ભૂલી ગયો હતો અને ત્રણ ચાર ચોરો ઘૂસી આવ્યા. તેમની પાસે ગન હતી. નર્વસ થયેલા રુશિનના હાથ તિજોરી ખોલતાં ધ્રુજવા લાગ્યા હતા. આ જોઇને હડબડમાં ચોરોમાંથી એકની ગોળી છૂટી ગઇ અને રુશિનને વાગી ગઈ. તેને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યો. તેની ઉપર ૧૮ ઓપરેશનો થયા અને મહિનાઓ સુધી ઇન્ટેન્સિવ કેરમાં રહ્યો પછી તેને હોસ્પિટલમાંથી રજા આપી.

હોસ્પિટલમાંથી રજા આપ્યા પછી લગભગ છ મહિને મુંજાલ તેને મળવા ગયો. મુંજાલથી પૂછ્યા વગર રહેવાયું નહીં, પૂછ્યું,આખી ઘટના દરમિયાન તેં શું વિચાર્યું? રુશિનનો એ જ પુરાણો જવાબ હતો,મને ગોળી વાગ્યા પછી જમીન પર પડ્યો હતો ત્યારે મારી પાસે બે ચોઇસ હતી, કાં તો હું જીવું અને કાં તો મરી જાઉં. મેં જીવવાનું પસંદ કર્યું.

શું તને ડર ન લાગ્યો? શું તું બેભાન થયો હતો?

ડોક્ટરો મને સાંત્વના આપતા હતા કે ચિંતા ન કર બધું બરાબર થઇ જશે પરંતુ ઓપરેશન થિયેટરમાં ગયા પછી તેમના હાવભાવ જોઇને મને ડર તો લાગ્યો હતો. ત્રણચાર ડોક્ટરોમાંના એકે કહ્યું,આ તો લગભગ મરણ જ પામ્યો છે. કંઇ થઇ શકે તેમ નથી.

અર્ધમૂર્છાવસ્થામાં મને એક નર્સે બૂલંદ અવાજમાં પૂછ્યું,શું તને કશાની એલર્જી છે? મેં તરત જ જવાબ આપ્યો,મને બુલેટ્સની એલર્જી છે. તેઓ બધા હસ્યાં પણ મેં કહેવાનું ચાલુ રાખ્યું,બે પસંદગી, જીવન અને મરણમાંથી હું જીવવાનું પસંદ કરીશ. અને પછી જે કંઇ થયું હશે. આજે હું તમારી સામે છું. એ દરેક ડોક્ટરો અને નર્સોનો ધન્યવાદ અને મારી આ એટિટ્યુડને લીધે જ આજે હું પોઝિટિવિટી ફેલાવી રહ્યો છું.

જીવનમાં એવા અનેક રસ્તા આવે છે જ્યાં દુવિધા હોય છે પરંતુ સકારાત્મકતાથી તેનો સામનો કરવાથી સાચો રસ્તો પકડાય છે અને સફળતા મળે છે. ■

### કવિ પરિચય

યુજીવીસીએલ પરિવારના ગૌરવ સમા સંવેદના સભર કવિ શ્રી ઘનશ્યામભાઈ પટેલનો આછેરો પરિચય જાણીતા સાહિત્યકાર શ્રી રઘુવીરના શબ્દોમાં...

''શ્રી ઘનશ્યામભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (ઉનાવા, જિ. ગાંધીનગર) ઇજનેરી વિદ્યાનો અભ્યાસ કરીને ગુજરાત વિદ્યુત બોર્ડમાં અધિકારી તરીકે સેવાઓ આપી રહ્યા છે. બાળપણમાં કુદરતને ખોળે ઉછેર થયો, કર્મભૂમિ પણ લીલીછમ મળી. ગાંધીનગરથી માણસા વિજાપુર સુધીના વિસ્તારને હરિયાળો રાખવામાં ભૂગર્ભજળનો ફાળો છે. એને છોડના મૂળ સુધી ખેંચી લાવવાનું કામ વીજળીની મોટરો કરે છે. માણસા વનિસ્તારના ખેડૂતો ઘનશ્યામભાઈને એક સંવેદનશીલ અને કામગરા અધિકારી તરીકે ઓળખે છે...''

## શૈશવની યાદે

ચહેરાની બાલિશતા પર યૌવનનાં ચિહ્નો ટપક્યાં,
એક રાતે હું  સરી ગયેલા શૈશવની યાદમાં સર્યો.

નિર્દોષ મસ્તીના પૂરે હવે યૌવનનો બંધ હતો,
બાલસહજ તોફાનો પર, કાળનો અંકુશ હતો.

પણ એ જીવનના નવીન યૌવન કિળે ,
શૈશવનાં સ્મરણો નવીન ચેતના જગાવે.

નાના મુજ સરખા મિત્રો સાથે જળે રમતો,
કે ક્યારેક નિર્દોષ દોષોનો ભાર હું ખમતો.

વૃક્ષાવલીની વગર પહચાને, કૌતુક સર્જતા સ્વભાવે,
ને પછી દુઃખે ડૂબતા મોટા જ્ઞાનના અભાવે.

ને ક્યારેક આંબલી પીપળી ખેલતા કિશોરકાળે,
વૃક્ષોની વડવાઈ ઘટા સાથે જીવન અમ મ્હાલે.

નાની ગાડી બનાવતાં કોઈ કારીગરનુ મન,
તો ચલાવતાં તે ચડે કુશળ ચાલકોનો કેફ.
અને એ અભિમાને અમે જાણે દુનિયા ભૂલી,
શૈશવમાં ખરે જીવનનો આનંદ જાય ખૂલી.

ક્યારેક કૌતુકથી પુસ્તક વાંચતાં-વિચારતાં,
આનંદાશ્ચર્યથી પરીઓની દુનિયામાં વિચરતાં.

તે કાળે મન ન જાણે ભેદ કશાયના,
શૈશવના સમયમાં મન પાપમાં ફસાય ના.



**શ્રી ઘનશ્યામ પટેલ,**
નાયબ ઇજનેર, વીજાપુર, વિભાગીય કચેરી

## સર, આ આપણું યુજીવીસીએલ છે

અહીં ગ્રાહક કેરો સાદ છે,
સૌ કર્મચારીઓનો નાદ છે,
ને વિદ્યુતનો વહેતો વરસાદ છે,
બોસ, આ આપણું યુજીવીએલ છે.

એકતાના અહીં અનેક નીર છે,
એન્જિનીયર્સ સૌ શૂરવીર છે,
ને ઊજળું ગુજરાતનું તકદીર છે,
યસ, આ આપણું યુજીવીએલ છે.

જયાં ધાનેરા સમી ધડકન છે,
પાલનપુર કેરી પહેચાન છે,
અને કડી સમ અનોખી શાન છે,
ડીયર, આ આપણું યુજીવીએલ છે.

વળી અહીં મહેસાણાનું ગાન છે,
ક્લોલના નોખા નોખા તાન છે,
અને સમીનો સોહામણો વાન છે,
અરે, આ આપણું યુજીવીએલ છે.

અહીં જ બેચરાજીનો પોકાર છે,
વિરમગામનો વ્હાલો આકાર છે,
અને ધંધુકાનો ધમધમતો ધબકાર છે,
દોસ્ત, આ આપણું યુજીવીએલ છે.

માત્ર અહીં જ જ્યોતિગ્રામ સાકાર છે,
ઊર્જાના અપાર એવોર્ડનો આકાર છે,
સતત સફળતાનો સાક્ષાત્કાર છે,
વ્હાલા, આ આપણું યુજીવીએલ છે.

અહીં સ્ટોરમાં સામાન બેસૂમાર છે,
પ્રોજેક્ટ પીપલી લાઇવ યાદગાર છે,
ને પરમાર સાહેબનો આવકાર છે,
મિત્રો, આ આપણું યુજીવીએલ છે.

અહીં કામમાં કાયમ સૌ ત્વરીત છે,
વળી પી.જે. પટેલ સાહેબની પ્રીત છે,
અને વર્મા સાહેબની અનોખી રીત છે,
હા, આ આપણું યુજીવીએલ છે.

જ્યાં મહાપાત્ર સાહેબનું ખમીર છે,
વળી ચુઆંગઓ સાહેબનું ઝમીર છે,
અને મન પાંડીયન સાહેબનું અમીર છે,
બસ, આ આપણું યુજીવીએલ છે.

જ્યાં નીતિનભાઇ સાહેબ કેરો તાજ છે,
સૌરભભાઇ સાહેબના નામનો સરતાજ છે,
અને નરેન્દ્રભાઇ સાહેબ સમા તખ્તો-તાજ છે,
સર, આ આપણું યુજીવીએલ છે.



**શ્રી એચ. બી. પટેલ ''હર્ષ''**
નાયબ ઇજનેર, નારોલ સ્ટોર

## રેડિયો કેવી રીતે કાર્ય કરે?

રેડિયો સિગ્નલ્સ એક પ્રકારના વાહક મોજાં દ્વારા ટ્રાન્સમિટ થાય છે. રેડિયો વેવ્ઝ ઇલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમના એક ભાગમાંથી સૌથી લાંબા રેડિયો વેવ્ઝ બની ધરતીના વાતાવરણમાં પાછા ફરે છે તેને લોનોસ્ફીયર કહે છે. આમ રેડિયો સંદેશ દૂર સુધી પહોંચી શકે છે. રેડિયો ટ્રાન્સમિટર રેડિયો વેવ્ઝમાં બદલાઇને માહિતી પહોંચાડે છે. એએમ રેડિયોમાં કરિયર વેવની ઊંચાઇના આધારે અવાજ પકડાય છે જ્યારે એફએમ રેડિયોમાં ફ્રિક્વન્સી બદલાય છે. રેડિયો રીસિવર સિગ્નલ્સને પકડે છે, તેને મોટાં કરે છે અને ઓળખે છે. જો સિગ્નલ્સ નબળાં હોય તો એએમ રેડિયોનો અવાજ ફેકી આવે છે, જ્યારે એફએમ રેડિયો વધુ સાફ અવાજ આપે છે.







## વાહનોને વીજળી દ્વારા કેવી રીતે ચલાવી શકાય છે?

વાહનો ચલાવવા માટે વીજળીનો ઉપયોગ અનેક વર્ષોથી થતો આવ્યો છે. વીજળીથી કાર ચલાવવામાં થોડી સમસ્યા થઇ શકે છે કારણ કે તેમાં કાર્યરત બેટરી ભારે હોય છે અને કારને હાઇ એનર્જીની જરૂર હોય છે. એનો અર્થ એ કે કાર રીચાર્જ કર્યા પછી પણ થોડો સમય જ ચાલી શકે. જો ખાસ વ્યવસ્થા દ્વારા વાહનને વાયર દ્વારા સતત વીજ પ્રવાહ મળતો રહે તો વધુ સમસ્યા આવતી નથી. ઇલેક્ટ્રિક દ્વારા ચાલતી ટ્રેનો વિશ્વમાં સૌથી ઝડપી હોય છે. ખાસ કરીને ઇલેક્ટ્રિક દ્વારા ચાલતી વ્હિલ ચેર્સ અને અમુક પ્રકારના વાહનો શારીરિક રીતે ચેલેન્જ્ડ લોકો માટે આશીર્વાદરૂપ હોઇ શકે છે.

## ન્યુક્લીયર એનર્જી કેવી રીતે ઉત્પન્ન થાય છે?

જ્યારે યુરેનિયમ અથવા પ્લુટોનિયમ જેવા રેડિયો એક્ટિવ તત્વોના અણુના ન્યુક્લીયસમાં બદલાવ આવે ત્યારે ન્યુક્લીયર એનર્જી ઉત્પન્ન થાય છે. આ પ્રક્રિયાને ન્યુક્લીયર ફ્યુઝન કહે છે. બોમ્બબાર્ડિંગ દ્વારા ન્યુક્લીયસને વિભાજિત કરવામાં આવે છે જેમાં એટમ ન્યુટ્રોન પાર્ટિકલથી છૂટા પડે છે. દરેક વખતે યુરેનિયમ અણુ આ રીતે વિભાજિત થાય છે. રીએક્શનની એક ચેન શરૂ થાય છે અને તે રીતે ન્યુક્લીયર ફ્યુઝનની પ્રક્રિયા ચાલુ રહે છે જે બહોળા પ્રમાણમાં ઊર્જા ઉત્પન્ન કરે છે. ન્યુક્લીયર પાવર સ્ટેશનમાં ચેન રીએક્શનને અતિશય ગરમી દ્વારા કન્ટ્રોલ કરવામાં આવે છે. આ ગરમીથી ટરબાઇન્સ ચાલે છે અને તેથી વીજળી ઉત્પન્ન થાય છે.







## કમ્પ્યુટર કેવી રીતે કાર્ય કરે છે?

કમ્પ્યુટર એક એવું સાધન છે જેના દ્વારા જાણકારીને ઝડપથી અને સાચી રીતે પ્રોસેસ કરી વાપરવામાં આવે છે. તે શબ્દો, ચિત્રો, અવાજ અને આંકડા ઉપરાંત અબજોનાં દાખલા પ્રોસેસ કરીને ક્ષણોમાં સોલ્વ કરી આપે છે. કમ્પ્યુટરમાં તેના હૃદયસ્થાન જેવું એક માઇક્રોપ્રોસેસર હોય છે જે લાખો ઝીણા ઇલેક્ટ્રોનિક ડિવાઇસીસ એક સિલિકોન ચિપ પર ધરાવે છે. અન્ય ચિપ્સ કમ્પ્યુટરના મગજ તરીકે કાર્ય કરી તેની યાદશક્તિ રૂપે માહિતી સ્ટોર કરે છે. નવો ડેટા કીબોર્ડ દ્વારા હાર્ડ ડ્રાઇવ, સીડી ડ્રાઇવ કે ડીવીડીમાં સ્ટોર કરાય છે.

## લાઇટ કેવી રીતે ટ્રાવેલ કરે છે?

લાઇટ એક પ્રકારનું ઇલેક્ટ્રોમેગ્નેટિક રેડિએશન છે. તે મોજાંની જેમ ટ્રાવેલ કરે છે અને એવી જગ્યાએથી પસાર થાય છે જ્યાં હવા હોય. લાઇટ વેવ્ઝને વેવલેન્થ હોય છે અને લાઇટ આ વેવ્ઝના એક ભાગ રૂપે દેખાય છે. પૃથ્વી પર પહોંચનાર દરેક પ્રકારના પ્રકાશ સૂર્ય દ્વારા ઉત્પન્ન થાય છે જે હાઇડ્રોજન બોમ્બમાં થતા થર્મોન્યુક્લીયર રીએક્શનમાંથી સતત પસાર થતાં લાગે છે. જોકે, પ્રકાશ સીધી લીટીમાં ટ્રાવેલ કરે છે તેને વળાંક પણ આપી શકાય છે અને ઓપ્ટિકલ ફાઇબર દ્વારા તેને ખૂણા (વળાંક) પણ આપી શકાય છે. ફાઇબરની બહારની સપાટી પ્રકાશને અવગણે છે. જ્યારે લાઇટ એક છેડા પર હોય છે ત્યાંથી તે ફાઇબર દ્વારા પસાર થાય છે અને બીજી બાજુએ પહોંચે છે તે દરમિયાન વચ્ચે આવતા વળાંક પ્રમાણે પોતાનો રસ્તો બદલે છે.





## લેસર કેવી રીતે કાર્ય કરે છે?

લેસર એક એવું સાધન છે જે પાતળી જગ્યામાં વધુ પ્રકાશ આપે છે. લેસર દ્વારા પ્રકાશ પાછો ફેંકાય છે અને તેનાથી પ્રોટોન્સ પાછા ફરે છે. લેસરનો પ્રકાશ સોલિડ, લિક્વિડ અને ગેસમાંથી પસાર થાય છે. આના લીધે તીવ્ર પ્રકાશને પાતળી જગ્યામાંથી પણ પસાર કરી શકાય છે. આ પ્રકારની લેસર લાઇટ્સ પ્રચાર પ્રસાર માટે, મનોરંજનના કાર્યક્રમો દરમિયાન વાપરવામાં આવે છે. લેસરનો ઉપયોગ ધાતુ કાપવામાં ઉપરાંત કેટલાંક ખાસ પ્રકારના ઓપરેશનમાં અતિ સુક્ષ્મ કાપ મૂકવા માટે પણ કરવામાં આવે છે. લેસરનો ઉપયોગ પ્રિન્ટર, સ્કેનર વગેરેમાં પણ કરવામાં આવે છે. એન્જિનિયરિંગમાં પાતળી લાઇટ દ્વારા રોડ અને ટનલ માપવામાં ઉપયોગમાં લેવાય છે.




સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

**આપણું યુજીવીસીએલ**

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in